| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |


**તા.૦૫/૦૫/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૮ લીટર દેશી દારૂ, ૧૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયરટીન, ૦૧ રીક્ષા અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૪૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૯,૯૦૬/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૯૮/૨૦૨૫**

**મણીનગરઃ** વિમલભાઈ ગુણવંતભાઈ શેઠ (ઉ.વ.૪૮)(રહે.દેવકુટીર એવન્યુ, મામાની કીટલી પાછળ, મારૂતિ કોમ્પ્લેક્ષ સામે, રમણનગર દક્ષીણી મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૦૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમની તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨,૫૦૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૫૦૦૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.પી.ઉનડકટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૯૯/૨૦૨૫**

**ઈસનપુરઃ** યાસ્મીનબેન શબ્બીરભાઈ રાઠાવાલા (ઉ.વ.૬૦)(રહે.ત્રીજો માળ, બાગે બુરહાની એપાર્ટમેંટ, લુણાવાડા જી.મહીસાગર)એ તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૫/૨૦૨૫ સવારના ૯/૧૫ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન સોનીની ચાલી ચાર રસ્તા બ્રીજ નીચે થી ઘોડાસર ચાર રસ્તા બેંક ઓફ ઈન્ડીયા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં અગાઉ થી બેસેલ અજાણ્યા ત્રણ પુરૂષએ ભેગામળી યાસ્મીનબેનની નજર ચુકવી તેમના લેડીઝ પર્સમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી, યાસ્મીનબેનને રીક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એ.બરંડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૦૦/૨૦૨૫**

**ગુજરાત યુનિવર્સીટીઃ** અમન અલકેશકુમાર શાહ (ઉ.વ.૨૯)(રહે, હિરા-પન્ના સોસાયટી, પોટાસ ટાવરની બાજુમા, કોમર્સ સિક્સ ક્રોસ રોડ મેટ્રો સ્ટેશન પાસે) એ માનસીક બિમારીથી કંટાળી તા.૦૪/૦૫/૨૦૨૫ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાની જાતે રહેણાંક એપાર્ટમેન્ટના ધાબા ઉપરથી કુદી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**અમરાઈવાડી:** અરવિંદભાઇ શંભુભાઇ દંતાણી (ઉ.વ.૪૭)(રહે.સુરમાઇ રેપડીનગરના છાપરા વંદેમાતરમ સ્કુલ સામે, પોસ્ટ ઓફીસ ચાર રસ્તા અમરાઈવાડી મુળ વતન:- ઇન્દીરાનગર નડીયાદ, જી.ખેડા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૦૪/૦૫/૨૦૨૫ સવારના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર જીવણભાઇ ચલાવે છે.

**મણીનગરઃ** રોહીતભાઇ શુખલાલભાઇ યાદવ (ઉ.વ.૨૨)(હાલ રહે, પુષ્પકુંજ સોસાયટી, પ્રાણશંકર હોલ પાસે મણીનગર, મુળ વતનઃ ગામ-ઉપરગામ તા-ખેડાકવાસ જી-ડુંગરપુર રાજસ્થાન)એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી